જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૧૦/૨૦૧૮ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૬ કેસ કરી, ૧૦૬ વ્યક્તિઓને ઝડપી, ૨૫૫ લીટર દેશી દારૂ, ૧૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૩૦૮ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૩૧,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૨૦૦૫/૧૮

**શહેરકોટડાઃ** મનોજ કિશનચંદ નેભાણી (ઉ.વ.૩૮) (રહે. કર્ણાવતી સુંદરવન આઇ.ટી.આઇ. રોડ કુબેરનગર) એ તા.૧૩/૧૦/૧૮ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૪/૧૮ થી તા.૨૪/૦૭/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ગોવિંદ કુકરેજા (૨) સુનિલ કુકરેજા (બંને રહે સફલ-૪, શ્રી ક્રિષ્ના ફેબ્રીક્સ અમદુપુરા) એ ભેગા મળી અમદુપુરા નરોડા રોડ સફલ-૪, બ્લોક નંબર-ઇ/૪૧૮ માં આવેલ અરીમા ટેક્ષ નામની દુકાનમાંથી કાપડનો માલ કુલ રૂપિયા ૮,૦૨,૫૧૪/- મતાની ખરીદી કરી, તેના નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

### સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૬/૧૮

**કૃષ્ણનગરઃ** રેખાબહેન ચંન્દ્રકાન્તભાઇ સોડાકર (ઉ.વ.૫૦)(રહે.ગોપીનાથ પ્રાઇડ, પાર્શ્વનાથ ટાઉનશિપ વિભાગ-૭ ભારતી સ્કુલ સંકેત બંગ્લોઝની અંદર કૃષ્ણનગર) તા.૧૩/૧૦/૧૮ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે ઠક્કરનગર ટી.વી.એસ મહાલક્ષ્મી શો રૂમ સામેથી પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેખાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેખાબહેન સોડાકરે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૭ /૧૮**

**રાણીપઃ** બાલચંદ છગનલાલ પરમાર (રહે. ન્યુ કસ્તુરબાનગર કો.ઓ હાઉસીંગ સોસાયટી રાધાસ્વામી રોડ રાણીપ) એ તા.૧૩/૧૦/૧૮ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૧૮ સાંજના ૫/30 થી તા.૬/૧૦/૧૮ સવારના ૮/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.બાંગા ચલાવે છે.

**ચોરી :** **સમાચાર યાદી નં.૨૦૦૮/૧૮**

**શાહીબાગઃ** વિમળાબહેન વા/ઓ ગીરીશભાઇ ગૌસ્વામી (ઉ.વ.૫૦) (રહે.જયહિંદ સોસાયટી મોહન સિનેમા પાસે અસારવા શાહીબાગ) તા.૧૩/૧૦/૧૮ કલાક ૧૦/૪૦ વાગ્યાના સુમારે એસ.બી.આઇ.બેંક પાસેના એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ થી સુજાતા ફ્લેટ સુધી શટલ ઓટો રીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ ચાર પુરૂષોએ વિમળાબહેનની નજર ચુકવી વિમળાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા 30,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ વિમળાબહેન ગૌસ્વામીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૦૦૯/૧૮**

**કાલુપુરઃ** હસનભાઇ હોજેફાભાઇ ઉજ્જેની (રહે. ગલી નં-૨ કુતબી મહોલ્લો કાલુપુર દરવાજા અંદર કાલુપુર) એ તા.૧૩/૧૦/૧૮ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.3/૧૦/૧૮ રાતના ૮/30 વાગ્યાના સુમારે કાલુપુર હોટલ માર્શલ સામેથી હસનભાઇના પિતાના કાકા તૈયબભાઇ આશકઅલી ઉજ્જેની (ઉ.વ.૭૦) ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલ માં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૦/૧૮ સાંજના ૫/૦૦ વાગે તૈયબચાચાનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એચ.કછોટ ચલાવે છે.

**૧૮ મા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૦૧૦/૧૮**

**એલિસબ્રિજઃ** ઝુબેર સ/ઓ નિઝામુદ્દીન શેખ (ઉ.વ.૩૫) (રહે.ઝુબેદા આપાની ચાલી નહેરૂનગર સંગમ સિનેમા પાછળ સરખેજ) તા.૧૩/૧૦/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે તક્ષશીલા એપાર્ટમેન્ટ ખાતે ૧૮ મા માળે થી પગ લપસી જતાં નીચે પડી જતાં, શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલિસબ્રિજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતીલાલ મોહનલાલ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>**સમાચાર યાદી નં.૨૦૧૧/૧૮**</u>

**એલિસબ્રિજઃ** વિવેક સ/ઓ બિનયકુમાર શર્મા (ઉ.વ.૨૧) (રહે. ગાંધીકુંજ સોસાયટી આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિંચકાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલિસબ્રિજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પર્વતસિંહ વેચાતભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.